# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૮/ક્વા-૦૪/૨૦૧૯-૨૦/૨૩ તા. ૦૫/૦૯/૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૪૮/ક્વા-૪/૧૯-૨૦**

અરજદાર: શ્રી પુંજાભાઈ મંગાભાઈ ઓડેદરા ગામ: રાણાકંડોરણા

સબડીવીઝન: રાણાકંડોરણા

### :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર ગ્રામ્ય,

### :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રીમતી નીતીનાબેન એચ. જોશી |
| 3) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

તારીખ: મંગળવાર (૧૮.૦૮.૨૦૨૦)

### :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,અમોને અમારા દસ્તાવેજ મુજબ અમારું નામ પુંજા મંગા છે. અને અમોને પુંજા મંગા ને બદલે પુંજા લીલાના નામે રજીસ્ટ્રેશન કરી એસ. આર પાડી ફી ની પહોંચ આપેલ હોય. તેથી કોટેશન બીલ નીકળતી વખતે કશો પ્રશ્ન ઉપસ્થીતના થાય તેથી રજીસ્ટ્રેશન ફી ની પહોંચમાં નામ સુધારો કરી આપવા અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી ની લેખીત રજૂઆત મુજબ શ્રી પુંજાભાઈ મંગાભાઈ ઓડેદરા ગામ રાણાકંડોરણા ખાતે સર્વે નં. ૧૫૭૮/૨/૨ પર ૫ એચ.પી. ના નવા વીજ જોડાણ માટે અરજી કરવામાં આવેલ છે.

૨.૧ પેટા વિભાગીય કચેરી ખાતે રજીસ્ટ્રેશન કરતી વખતે અરજદરશ્રી દ્વારા ઓડેદરા પુંજા મંગા ને બદલે સરદ ચૂક થી પુંજા લીલા ના નામ થી રજીસ્ટ્રેશન કરેલ છે.

૨.૨ અરજદારશ્રી નું પેટા વિભાગીય કચેરી રાણાકંડોરણા ખાતેનો SR મોડ્યુલ માં સુધારો કરવામાં આવેલ છે.જેની જાણ અરજદાર શ્રી ને પત્ર નં. ૮૭૪ તા. ૦૬/૦૩/૨૦ ના રોજ થી જાણ કરવા માં આવેલ છે.

૨.૩ પીજીવીસીએલ પક્ષકાર ની રજૂઆત મુજબ  અરજદારશ્રીની ફરીયાદ મુજબ સદર નામ માં ઓડેદરા પુંજા લીલા ને બદલે ઓડેદરા પુંજા મંગા સુધારો કરી અરજદારશ્રીની ફરીયાદનું સંતોષકારક નિવારણ થતા અરજદારશ્રી એ તા.૧૮.૦૩.૨૦૨૦ ના રોજ સમાધાન પત્રમાં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૨ મુજબ પીજીવીસીએલ કક્ષાએથી ફરિયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૧૮.૦૩.૨૦૨૦ થી રજુ કરેલ છે.તે મુજબ સદર બાબતે અરજદારને કોઈ રજૂઆત કરવાની રહેતી નથી.

૩.૧ આમ ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રીમતી નીતીનાબેન એચ. જોશી | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |